AAV-009-001231 Seat No. ________

**B. R. S. (CBCS) (Sem. II) Examination**

**April / May – 2016**

**ELT-243 : Farm Management**

*(New Course)*

**Faculty Code : 009**

**Subject Code : 001231**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**1** MCQ પ્રકારનાં પ્રશ્નોનાં જવાબ આપો : **20**

(1) ઘઉંના પાકને કયું હવામાન અનૂકુળ હોય છે ?

(A) ગરમ-ભેજવાળું (B) સૂકું-ઠંડુ

(C) સૂકું-ગરમ (D) સૂકું-ભેજવાળું

(2) રાષ્ટ્રીય બેંકમાંથી ખેડૂત ધિરાણ મેળવવા ખેડૂત પાસે ગેરેન્ટી મની તરીકે કેટલા નાણાં હોવા જરૂરી છે ?

(A) 20-25% (B) 50%

(C) 10% (D) 45%

(3) ગુજરાત સરકારે સરકારી ક્ષેત્રો પર કામ કરતા રોજમદારોને ઓછામાં ઓછું કેટલું દૈનિક મહેનતાણું ચુકવે છે ?

(A) રૂ. 175 (B) રૂ. 371

(C) રૂ. 258 (D) રૂ. 471

(4) ખેડૂતને વાવેતર કરવા કયા બીજની ભલામણ કરવામાં આવે છે ?

(A) સંશોધક બીજ (B) પાયાનું બીજ

(C) પ્રમાણિત બીજ (D) ત્રણેય

(5) યંત્રોમાં બળતણનો ખર્ચ મૂડીનો કયો પ્રકાર ગણશો ?

(A) વાર્ષિક મૂડી (B) કાયમી મૂડી

(C) અનાવર્તક મૂડી (D) ત્રણેય

(6) ખાનગી ક્ષેત્રો પર ફાર્મ મેનેજર કયા પ્રકારની મજૂરી કરે છે ?

(A) શારીરિક મજૂરી (B) માનસિક મજૂરી

(C) ભાડૂતી મજૂરી (D) એકેય નહિ

(7) ચાલુ ક્ષેત્ર દરમ્યાન વપરાશી ચીજ-વસ્તુઓની ખરીદીનો ખર્ચ મૂડીનાં કયા પ્રકારમાં ગણશો ?

(A) વાર્ષિક મૂડી (B) કાયમી મૂડી

(C) સ્થાયી મૂડી (D) એકેય નહિ

(8) બાગાયતી ઝોન તરીકે ગુજરાત રાજ્યના કયા પ્રદેશને ગણવામાં આવે છે ?

(A) ઉ. ગુજરાત (B) મ. ગુજરાત

(C) દ. ગુજરાત (D) સૌરાષ્ટ્ર

(9) નવા ફાર્મના વિકાસ માટે જરૂરી જમીનની ખરીદી માટેના ખર્ચને મૂડીનો કયો પ્રકાર ગણશો ?

(A) અનાવર્તક (B) આવર્તક

(C) ચાલુ (D) વાર્ષિક

(10) ખેતી વ્યવસાયમાં ખર્ચ કરતા આવક ઓછી થાય તો શું પરિણામ આવે છે ?

(A) નફો (B) ખોટ

(C) સરભર (D) એકેય નહિ

(11) દ. ગુજરાતમાં રોકડિયા પાક તરીકે કયો પાક લેવામાં આવે છે ?

(A) ડાંગર (B) જુવાર

(C) શેરડી (D) નાગલી

(12) ભારતીય ખેડૂત અને તેના કુંટુંબના સભ્યો પોતાના ખેતરમાં કામ કરે તો તે કયા પ્રકારની મજૂરી કહેવાય ?

(A) ભાડૂતી મજૂરી (B) ખાનગી મજૂરી

(C) કૌટુંબિક મજૂરી (D) ત્રણેય

(13) નીચેનાંમાંથી કયો પાક ઉ. ગુજરાતમાં શિયાળાની ઋતુમાં વાવેતર થાય છે ?

(A) ઈસબગુલ (B) દિવેલા

(C) કપાસ (D) ડાંગર

(14) એક હેક્ટર જમીનમાં કેટલા એકર જમીન થાય ?

(A) 10 એકર (B) 5 એકર

(C) 2.5 એકર (D) 1 એકર

(15) ખેતીમાં રોપણી, કાપણી જેવા કાર્યો કરતા મજૂરોને કેવા મજૂરો કહેશો ?

(A) કુશળ (B) બીનકુશળ

(C) નિરીક્ષક (D) ફાર્મ મેનેજર

(16) પ્રમાણિત બીજમાં આનુવંશિકતા શુદ્ધતા કેટલી હોય છે ?

(A) 97% (B) 100%

(C) 99% (D) 80%

(17) સુધારેલા બીજ ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન અઇચ્છનીય ગુણ ધરાવતા છોડને દૂર કરવાની રીતને શું કહેવામાં આવે છે ?

(A) પ્લોટીંગ (B) રોગીંગ

(C) આઈસોલેટીંગ (D) એકેય નહિ

(18) ખેતી વ્યવસાયમાં જરૂરી મકાનો બાંધવા માટેના ખર્ચને નીચેનામાંથી કયા પ્રકારનાં ખર્ચામાં ગણશો ?

(A) ચાલુ ખર્ચ (B) આવર્તક ખર્ચ

(C) વાર્ષિક ખર્ચ (D) કાયમી ખર્ચ

(19) વાસલ જમીન કોને કહેશો ?

(A) જે જમીનમાં ખેતી કાર્યો કરવામાં આવે પરંતુ ખેતીપાક લેવામાં ન આવે તે જમીન.

(B) જે જમીનમાં કોઈપણ ખેતી કાર્ય કે પાક લેવામાં ન આવે તેવી જમીન

(C) જે જમીન પડતર રાખવામાં આવે તેવી

(D) જે જમીનમાં ખેતીપાકોનું વાવેતર કરવામાં ન આવી હોય તેવી જમીન.

(20) એક એકર જમીન એટલે કેટલા ગુંઠા જમીન થાય ?

(A) 20 ગુંઠા (B) 30 ગુંઠા

(C) 40 ગુંઠા (D) 50 ગુંઠા

2 ખેતમજૂરની વ્યાખ્યા લખી, ખેતમજૂરોને મળતા વેતન દર પર અસર કરતા ઘટકો વિશે ચર્ચા કરો. 10

3 નીચેનાં કોઈપણ **એક** પ્રશ્નનો જવાબ આપો : 10

(1) કાયમી મૂડીનાં વિવિધ પ્રકારો વિશે લખો.

(2) સુધારેલા બીજનાં પ્રકારો વર્ણવો.

4 ખેતીનાં પ્રકાર પ્રમાણે ક્ષેત્ર પરના ચાલુ ખર્ચાઓ વિશે લખો. 10

**અથવા**

ખેતમજૂરની કાર્યશકિત વધારવાની પદ્ધતિઓ ચર્ચો. 10

5 ટૂંકનોંધ લખો (ગમે તે **બે**) 10

(1) કૌટુંબિક મજૂરી

(2) ગુજરાત રાજ્યમાં વિવિધ કૃષિક વિસ્તારોમાં વાવેતર થતા પાકોની યાદી તૈયાર કરો.

(3) મૂડીની જરૂરિયાત નક્કી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ લખો.

6 ગીર-સોમનાથ જિલ્લાનાં 10 હેકટર પિયત જમીનની બે વર્ષની પાક યોજના તૈયાર કરી, પાક યોજના બનાવતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવો. 10